Pearson Edexcel

# Mark Scheme (Results)

## Summer 2024

Pearson Edexcel GCSE
In Gujarati (1GU0)
Paper 1F Listening and understanding in Gujarati

# GCSE June 2024 Gujarati Foundation tier

## Paper 1 Mark scheme

There are no marks for quality of language or spelling in this paper, therefore errors in the Gujarati script will be tolerated as long as the message is not ambiguous and it does not prevent communication. Such errors include where a candidate has mis-copied a Gujarati word or name.

### SECTION A

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1** | B, D, G | **(3)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(i)** | The only correct answer is B - stories<br><br>A is not correct because reading poetry is not mentioned<br>C is not correct because logically it does not make sense<br>D is not correct because logically it does not make sense | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(ii)** | The only correct answer is D - Writing<br><br>A is not correct because there is no mention of listening<br>B is not correct because there is no mention of speaking<br>C is not correct because there is no mention of reading | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(iii)** | The only correct answer is C- secondary<br><br>A is not correct because nursery school is not mentioned<br>B is not correct because primary school is not mentioned<br>D is not correct because a specialist school is not mentioned | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3(Anjan)** | C | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3 (Navika)** | E | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3 (Neil)** | G | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **4(Aarohi)** | A | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **4(Rahul)** | C | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **4(Aniksha)** | F | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(a)** | Use of necessary equipment | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(b)** | Keeping safe<br>**AND**<br>Putting out a fire | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(c)** | Can save anyone from fire / can save lives | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(a)** | friends | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(b)** | socialises<br>**AND**<br>language<br>(Answers need to be in the same order) | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7** | B, C, F | **(3)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(a)** | Farming | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(b)** | Always filled with water | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(c)** | jewellery | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(i)** | The only correct answer is A – using<br><br>B is not correct because there is no mention of storing<br>C is not correct because there is no mention of carrying<br>D is not correct because there is no mention of labelling | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(ii)** | The only correct answer is D – safety<br><br>A is not correct because no importance given to enjoyment<br>B is not correct because no importance given to competition<br>C is not correct because no importance given to friendship | **(1)** |
| **Question number** | **Answer** | **Mark** |
| **9(iii)** | The only correct answer is C – qualifying<br><br>A is not correct because logically it is not correct<br>B is not correct because training before competitions is not mentioned<br>D is not correct because they are talking about kayaking | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(iv)** | The only correct answer is B – fitness<br><br>A is not correct because there is no mention of swimming<br>C is not correct because there is no mention of grades<br>D is not correct because there is no mention of diving | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(a)** | Can have new experiences | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(b)** | Increase their knowledge about creatures | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(c)** | Living with other families abroad<br>('other' required) | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(d)** | Studying about various crops of that country | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **11** | B, E, G | **(3)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **12(a)** | Local language | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **12(b)** | Any **two** of the following<br>Language app can be accessed (1)<br>Dictionary can be accessed (1)<br>Can be accessed anytime (1) | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **12(c)** | Skills in other languages / Knowledge of other languages | **(1)** |

## SECTION B

| Question number | Answer | Mark |
|---|---|---|
| **13(a)** | કપડાં | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **13(b)** | અદેખાઈ | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **13(c)** | ઓળખ | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **13(d)** | મોંઘા | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **13(e)** | આત્મવિશ્વાસ | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **14(a)** | મોકો | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **14(b)** | અગાઉ | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **14(c)** | ઉપલબ્ધ | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **14(d)** | મનગમતી | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **14(e)** | અગાઉ | **(1)** |

# Transcript

Summer 2024

Pearson Edexcel GCSE

In Gujarati (1GU0) Paper 1F

**SECTION A**

**World Food Safety Day**

**Question 1**

**Example:**

**M1:** સાતમી જૂને અમારી શાળામાં *વર્લ્ડ ફૂડ સેફ્ટી ડે* યોજવામાં આવ્યો હતો.

**Question 1**

**M1:** પૌષ્ટિક અને સ્વચ્છ ભોજનના ફાયદા વિશે અમે ઘણું શીખ્યાં.

**M1:** દેશવિદેશની વાનગીઓનાં વેચાણમાંથી ઘણાં પૈસા ભેગાં થયાં હતાં.

**M1**: આ પૈસા ગરીબ બાળકોને ભોજન આપવા માટે વપરાશે.

**My favourite subject**

**Question 2**

**Example:**

**F1:** બધા વિષયોમાંથી મારો પ્રિય વિષય અંગ્રેજી છે.

**Question 2 Part (i)**

**F1:** અંગ્રેજીમાં વાર્તા વાંચીને હું તેના વિશે મારા પોતાના શબ્દોમાં લખું.

**Question 2 Part (ii)**

**F1:** તે મને મારી લેખનકળા સુધારવામાં મદદ કરે છે.

**Question 2 Part (iii)**

**F1:** ભવિષ્યમાં હું ગુજરાતની એક માધ્યમિક શાળામાં આ ભાષા શીખવવા ઇચ્છું છું.

**Saving Water**

**Question 3**

**Example:**

**F2:** અંજન, બધા જીવો માટે પાણી જરૂરી છે જેથી તેને બચાવવાની જવાબદારી આપણાં સૌની છે.

**M2**: હા, આપણે જરૂરિયાત પૂરતું જ તેને વાપરવું જોઈએ.

**Question 3**

**M2:** પાણીનો ઉપયોગ કર્યા પછી નળ બંધ કરવાનું હંમેશાં યાદ રાખવું જોઈએ.

**F2:** નાવિકા, તું શું માને છે?

**F1:** વરસાદનાં પાણીનો સંગ્રહ કરીએ તો અછતના સમયમાં તેને વાપરી શકાય.

**F2:** નીલ, તું જણાવ.

**M1:** લોકોને પાણી બચાવવા વિશે જાણકારી આપવા માટે આપણે કાર્યક્રમો યોજવા જોઈએ.

**Pen-friends**

**Question 4**

**Example:**

**F1:** હું આરોહી. જીવનમાં ક્યારેય મળ્યા ન હોય પણ કલમ દ્વારા જે મિત્રો બને તેમને *પેન-ફ્રેંડ્સ* એટલે કે કલમ-મિત્રો કહેવાય.

**Question 4**

**F1**: તેઓ સાથે પત્રો લખીને અથવા સોશિઅલ મીડિયાથી સંદેશા મોકલીને જીવનભરની મિત્રતા બાંધી શકાય. ખરું ને રાહુલ?

**M2:** હા આરોહી. માહિતીની આપલે કરવાથી રસદાયક બાબતો વિશે પણ જાણી શકાય. અનિક્ષા, તું જણાવ.

**F2:** તેઓ સાથે સંપર્કમાં રહેવાથી એકલતા દૂર થાય અને એકબીજાની સલાહ પણ લેવાય.

**Firefighter training**

**Question 5**

**Question 5 Part (a)**

**F2:** ગૌરવ, આગ હોલવવાની તારી તાલીમ વિશે કહે.

**M1:** સૌથી પહેલાં જરૂરી સાધનોના ઉપયોગ વિશે શીખ્યો.

**Question 5 Part (b)**

**F2:** બીજું?

**M1:** મને સલામત રહીને આગ હોલવવા વિશે શીખવાનું ખૂબ મુશ્કેલ લાગ્યું.

**Question 5 Part (c)**

**F2:** આ તાલીમ લેવાનું કારણ?

**M1:** જેથી હું બીજાનાં જીવનને બચાવી શકું.

**Social gatherings**

**Question 6**

**M1:** કુંજલ, મને મિત્રો સાથે જન્મદિવસની ઊજવણીઓમાં જવું ગમે. એકબીજા સાથે જમવાનો આનંદ લઈને ગીત-સંગીતને લગતી પ્રવૃત્તિઓ કરવાની તો શું મજા પડે!

**M2:** દર મહિને અમે બધાં સગાંસંબંધીઓ એક એવી રેસ્ટોરાંમાં ભેગાં થઈએ જ્યાં ફરજિયાત ગુજરાતીમાં જ બોલવાનું હોય. એટલે તો અજય, હું ખૂબ સરસ ગુજરાતી બોલી શકું છું.

## Shopping

**Question 7**

**Example:**

**F2:** વર્ષો પહેલાં અમારા રસ્તાના ખૂણા પર ચાર-પાંચ નાની દુકાનો હતી જ્યાંથી કરિયાણું, શાકભાજી અને છાપાં જેવી રોજની વસ્તુઓ મળી જતી.

**Question 7**

**F2:** જોઈતી વસ્તુઓ લેવા માટે અમે ચાલીને ત્યાં જતાં એટલે પર્યાવરણને પણ મદદ થતી હતી. ગ્રાહકો અને દુકાનદારો વચ્ચે એટલો મજબૂત સંબંધ બંધાતો કે તેઓ ભારે સામાન ઘરે આપી જતા. હવે મોટી સુપરમાર્કેટોમાંથી બધું મળી તો જાય પણ લોકોને પહેલાં જેવો ખરીદી કરવાનો અનુભવ નથી મળતો.

## Tarnetar village

**Question 8**

**F1:** *તરણેતર*, ગુજરાતમાં આવેલું એક ગામ છે. ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. અહીં વરસાદ ખૂબ પડતો હોવાથી સરોવરો હંમેશાં છલોછલ ભરેલાં હોય. નાની નાની દુકાનોમાં વેચાતાં હાથનાં બનાવેલાં સુંદર ઘરેણાંની ખરીદી કરવા માટે *તરણેતર*નો મેળો પ્રખ્યાત છે. લોક-ગીત અને લોક નૃત્યનો આનંદ માણવા માટે જવું જ જોઈએ *તરણેતર* મેળામાં!

## Kayaking

**Question 9**

**Example:**

**M2:** રજત અને હું યુવાનોને કાયાકિંગ, એટલે કે *કાયાક* નામની હોડી ચલાવતા શીખવીએ છીએ.

**Question 9**

**M2**: વિદ્યાર્થીઓની સલામતી માટે અમે જરૂરી સરસામાનના ઉપયોગ વિશે માહિતી આપીએ. પછી, હોડી પર સુરક્ષિત રીતે ચડવા અને ઊતરવાની રીત બતાવીએ. *કાયાક*માં આગળ વધવું અને વળવું સહેલું હોય છે. તેઓને આટલું આવડી જાય ત્યારબાદ હોડીને ધ્યાન રાખીને કેવી રીતે ચલાવવી તે શીખવીએ.

**M1:** તેઓ એક-બે પ્રમાણપત્ર મેળવી લે પછી વિવિધ હરીફાઈઓમાં ભાગ લઈ શકે. દરેક વ્યક્તિએ તાલીમ લેવા માટે ઘણી મહેનત કરવી પડે. યુવાનો ખૂબ મજા કરી શકે અને સાથે સાથે નવા મિત્રો પણ બનાવી શકે. આ પ્રવૃત્તિ કરવાથી તેઓનાં માનસિક તેમજ શારીરિક બળમાં વધારો થાય છે.

## Exchange trip

**Question 10**

**M1:** *એક્સચેન્જ ટ્રિપ*, એટલે બે જુદાં જુદાં દેશના વિદ્યાર્થીઓ એકબીજાના વિસ્તારની મુલાકાતે જાય જ્યાં તેઓને નવા નવા અનુભવ લેવાની તક મળે. તારું શું માનવું છે કવિશા?

**F1:** રોમિલ, હું માનું છું કે, જો વિદ્યાર્થીઓ જીવવિજ્ઞાન ભણતા હોય, તો વિદેશનાં પ્રાણીઘર કે માછલીઘરની મુલાકાત લેવાથી ત્યાંનાં જીવો વિશે તેઓ વધુ શીખી શકે. ખરું ને, ઓવેશ?

**M2:** વળી, પરદેશમાં બીજા પરિવાર સાથે રહેવાથી તેઓની ભાષા, પહેરવેશ તેમજ તહેવારો વિશે પણ જાણી શકાય. બરાબર ને, વંશી?

**F2:** તે ઉપરાંત, ત્યાંની ખેતીનો અભ્યાસ કરવાથી સ્થાનિક લોકોના મુખ્ય ખોરાક વિશે પણ જાણકારી મળે.

## My best friend

**Question 11**

**Example:**

**M1:** કોઈની સાથે મિત્રતા કરવી સહેલી છે, પણ વફાદાર મિત્રો મળવા બહુ અઘરા છે.

**Question 11**

**M1:** મુશ્કેલીના સમયમાં જે સાથ ન છોડે તેને ખરો મિત્ર કહેવાય. મારો શ્રેષ્ઠ મિત્ર ચેતન મારા વર્ગમાં જ છે. મારા જીવનમાં તેનું સ્થાન મારા પોતાના ભાઈ-બહેન કરતાં પણ વિશેષ છે. તે સૌને ખૂબ માન આપે. ચાલાક હોવા છતાં મેં તેને ક્યારેય કોઈને છેતરતાં જોયો નથી. તે હંમેશાં દરેકને મદદ કરવા તૈયાર જ હોય.

અમે રમતગમત અને શાળાનું ઘરકામ સાથે કરીએ. નિયમિતતા તેની ખાસિયત છે. તે હંમેશાં બધું સમયસર કરે. તેને કોઈ ખરાબ ટેવ નથી અને મને પણ બધી ખરાબ આદતોથી દૂર રાખે છે. ચેતન જેવો આદર્શ મિત્ર મળવો મુશ્કેલ છે!

**Using languages**

**Question 12**

**M2:** વિદ્યાર્થીઓ અભ્યાસ કે પ્રવાસ કરવા માટે વિદેશ જાય ત્યારે સ્થાનિક ભાષામાં વાતચીત કરવી અગત્યની છે. જુદી જુદી સંસ્કૃતિને સમજવા માટે આ જ્ઞાન જરૂરી છે. મોબાઇલ ફોન પર ભાષા*એપ* કે શબ્દકોષનો ઉપયોગ કરીને કોઈપણ ભાષાનો અભ્યાસ કરી શકાય. આ કારણે, પ્રવાસ દરમિયાન એકબીજા સાથે પરિચય કરવામાં સરળતા રહે છે. બહુભાષી હોવાથી હળવામળવાનો અનુભવ પણ ખૂબ આનંદમય બને છે.

**SECTION B**

**શાળાનો ગણવેશ**

**સવાલ ૧૩**

**ઉદાહરણ:**

**F2:** મારા મતે, શાળામાં ગણવેશ ફરજિયાત હોવો જોઈએ કારણ કે તે પહેરવાથી વિદ્યાર્થીઓ સમાનતાની લાગણી અનુભવે છે.

**સવાલ ૧૩**

**F2:** ગણવેશ પહેરવાથી તેઓ પોતાની પસંદનાં કપડાં શોધવામાં સમય બગાડતાં નથી. પોશાકને લગતી અનેક બાબતો વિશે તેઓ વચ્ચે હરીફાઈ પણ થતી નથી. ઉપરાંત, શાળાનાં પર્યટનોમાં કે ભીડમાં શિક્ષકો સહેલાઈથી તેઓને શોધી શકે છે.

**M1:** હું માનું છું ગણવેશ ફરજિયાત ન હોવો જોઈએ. આજકાલ કેટલીક શાળાઓના ગણવેશ માટે ખૂબ પૈસા ખર્ચવા પડે છે જેથી ઘણાં માતા-પિતા નાખુશ છે. બીજું કે વિદ્યાર્થીઓ મનપસંદ કપડાં દ્વારા પોતાના વ્યક્તિત્વને ચમકાવી શકે છે.

## પ્રવાસ-એક વીગનની દૃષ્ટિએ

**સવાલ ૧૪**

**ઉદાહરણ:**

**F1:** છેલ્લાં કેટલાંક વર્ષોથી વધુને વધુ લોકો *વીગન* બની રહ્યા છે એટલે કે, તેઓ માંસ, દૂધ, દહીં અને ઇંડાંની બનાવટની કોઈપણ વસ્તુઓ ખાતાં નથી.

**સવાલ ૧૪**

**F1:** રચના, હું કડક શાકાહારી એટલે કે *વીગન* છું. જ્યારે હું દક્ષિણ અમેરિકાના પ્રવાસ પર ગઈ હતી ત્યારે ખાવાપીવા વિશે ખૂબ જ ચિંતિત હતી. વિમાનની સફર માટે પહેલેથી *વીગન* ભોજન નોંધાવ્યું હતું. લગભગ બધાં હવાઈમથકે આ પ્રકારના નાસ્તા કે ભોજન તો મળતાં જ હોય છે.

**F2:** પ્રિયંકા, મેં તો દરેક શહેરની વીગન રેસ્ટોરાંની યાદી બનાવી હતી એટલે ક્યાંય તકલીફ ન પડી. હું જ્યાં જ્યાં ગઈ હતી ત્યાંનાં ભોજનાલયના રસોઇયા મને ભાવે તેવું પૌષ્ટિક શાકાહારી જમવાનું બનાવી આપતાં. બે દિવસનાં પર્વતારોહણ દરમિયાન જોઈતાં ભોજનની સગવડ ક્યારેક મળતી ન હતી એટલે મેં ઘરેથી લાવેલી વાનગીઓની મજા લીધી હતી.